# દાહોદ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનો વિજય

## પોલીસ બંદોબસ્ત સાથે કોંગ્રેસના ચુંટાયેલા સભ્યોને જિલ્લા પંચાયત સદનમાં લવાયા : ઘટનાક્રમની ભારે ચર્ચા રહી

ગાંધીનગર, તા. ૨૬

દાહોદ જિલ્લા પંચાયતમાં આખરે પ્રમુખ ઉપપ્રમુખની વરણી થઈ ગઈ છે. બે વખત હાઈ વોલ્ટેજડ્રામા બાદ આજે ત્રીજી વખત હોદ્દેદારોની પસંદગી માટે બેઠક મળી હતી અને જિલ્લા પંચાયત પર કોંગ્રેસે કબજો જમાવ્યો હતો. જેમાં પ્રમુખ તરીકે રમીલા ભુરીયાની અને ઉપપ્રમુખ તરીકે પરસોતમ ચૌહાણની વરણી કરવામાં આવી હતી. આ વખતની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જિલ્લા સહિત રાજયના લોકોની આ ચૂંટણી પર નજર હોવાનું પણ ગોઠવવામાં આવ્યો હતો. જિલ્લા સહિત રાજયના લોકોની આ ચૂંટણી પર નજર હોવાનું પણ જોવાઈ રહ્યું છે. કારણ કે પાછલી બે સભાની ભાજપના સભ્યો વિરોધ કરી સભા સ્થગિત કરાવવામાં સફળ થયા હતા. ત્યારે ત્રીજી વખત ભરાનાર સભામાં ભાજપના સભ્યો કંઈ પણ ન કરે તે માટે ખાસ વ્યવસ્થા કરાઈ હતી. દાહોદ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ ૫૦ બેઠકો પૈકી ૨૬માં કોંગ્રેસ અને ૨૪માં ભાજપનો વિજય થયો હતો. બહુમતી સભ્યો કોંગ્રેસ પાસે હોવાથી સ્વાભાવિકપણે તેમના પક્ષના જ પ્રમુખ ઉપપ્રમુખ ચૂંટાશે. ત્યારે પાછલી બે ચૂંટણી સભામાં ભાજપના સભ્યો દ્વારા હોબાળો કરતાં કલેકટરને સભા મોકુફ રાખવી પડી હતી. દરમિયાન પથ્થરમારો, બસને આગળજની સહિતની ઘટનાઓ બની છે. જેના પગલે તંત્રે પણ ચૂંટણી સભા યોજવાની તૈયારીઓ કરી દીધી. આ વખતની ચૂંટણી સભામાં સભાખંડમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોંખડી બંદોબસ્ત ચાર લેયરમાં ગોઠવી દેવાયો હતો.



આપના દેખાવો : ગાંધીનગર આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા કેન્દ્રીય નાણા મંત્રી અરૂણ જેટલીના ડીડીસીએ કથિત કૌભાંડો મામલે દેખાવો યોજ્યા હતા. સત્યાગ્રહ છાવણી પાસે આમ આદમી પાર્ટીના કાર્યકરો સાંજના સમયે પ્લે કાર્ડ લઈ અરૂણ જેટલીના રાજીનામાની માંગણી માટે દેખાવો કર્યા હતા.

# ધન્વન્તરી આરોગ્ય રથ પ્રર્જાપણ કરાયો

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બાંધકામ શ્રમયોગી પરિવારોની આરોગ્ય સુખાકારી માટે ધન્વન્તરી આરોગ્ય રથનું અમદાવાદમાં પ્રજાર્પણ કરાવતાં આ આરોગ્ય રથની સેવાઓ ૧૦૮ જીવીકે - ઈએમઆરઆઈ સાથે જોડવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સઘન આરોગ્ય સારવારની સુવિધા અને ગોલ્ડન અવરમાં જીવનરક્ષકની બહુમુલ્ય સેવા આના પરિણામે બાંધકામ શ્રમિકોને જરૂરિયાતના સમયે તત્કાલ પહોંચાડવાની આ સરકારની પ્રતિબદ્ધતા છે.આનંદીબેને શ્રમિકોના આરોગ્ય સાથે જ સામાન્ય માનવીની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને આ સરકારે બ્રેસ્ટ સર્વાઈકલ કેન્સર પરીક્ષણ નિદાન, ડાયાબિટીસ નિદાન, વાંકા ચૂંકા હાથ પગની શસ્ત્રક્રિયા તથા શાળા આરોગ્ય તપાસણીના જનસેવા





અભિયાન શરૂ કર્યા છે. તેનો વ્યાપક લાભ લેવા અને તે માટે જનજાગૃત્તિ જગાવવાનું પ્રેરક આહવાન દ્રષ્ટાંત સહ કર્યું હતું.

આનંદીબેને આરોગ્ય સેવા બાંધકામ શ્રમયોગીઓને પુરી પાડવાના આ ધન્વન્તરી રથને સુશાસન ગુડ ગર્વનન્સની સાચી દિશા ગણાવી હતી. તેમણે કહ્યું કે, વિકાસની હરેક પ્રક્રિયાના કેન્દ્રસ્થાને સામાન્ય માનવી વંચિતનું હિત રાખવાનો અમારો સૌના સાથ સૌના વિકાસનો મંત્ર છે.મુખ્યમંત્રીએ બાંધકામ સાઈટ પરના આ સંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોનાં સંતાનો માટે શિક્ષણ સુવિધા હોસ્ટેલ આવાસ છત્ર અને આંગણવાડીના ભુલકાંઓ માટે સંસ્કાર સિચનની સેવા આ સરકારે પુરી પાડી છે. તેનો વ્યાપક લાભ પોતાના સંતાનોને આપવા હાર્દભરી અપીલ કરી હતી. તેમણે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને યુ વિન કાર્ડથી આગવી ઓળખ આપીને શ્રમિક કલ્યાણ મેળા દ્વારા સાધન સહાય અને આધુનિક તાલીમની વ્યવસ્થા રાજયવ્યાપી બનાવવામાં આવી છે તેની વિશદ ભૂમિકા આપી હતી.મુખ્યમંત્રીએ ગુજરાતમાં મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની આવાસ સહાય અટલ પેન્શન તેમજ પ્રસુતિસહાય, કૌશલ્યવર્ધન યોજનાની સવિસ્તર સમજ આપી હતી.

# અંબાજીના ડામર રોડના કામમાં મોટા પાયે ગેરરીતિ

પાલનપુર, તા. ૨૬

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા જગદંબાના દર્શનાર્થે પધારતાં માઈભક્તોને કોઈ



અગવડના વેઠવી પડે તે હેતુસર વર્ષ દરમિયાન વિવિધ વિકાસના કામો કરવામાં આવે છે. જેમાં તાજેતરમાં દેવસ્થાન ટ્રસ્ટે લાખો રૂપિયા ખર્ચી આર.એન્ડ બી. અંબાજી હસ્તક એક રોડ બનાવ્યો હતો. જેમાં કોન્ટ્રાકટર મોટા પાયે ગેરરીતિ આચરી લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું રોડનું કામ જોતા જણાઈ આવે છે. મળતી વિગતો મુજબ અંબાજીમાં બસ સ્ટેન્ડની સાત નંબરના વી.આઈ.પી. ગેટની મંદિરના આઠ નંબરના (ઓવર બ્રીજ નીચે) સુધી તેમજ માનસરોવર તરફ લાકડા ગેટ સુધી અંદાજે રૂપિયા ૬૫ થી ૬૮ લાખના ખર્ચે આર.એન્ડ બી. દ્વારા રોડ બનાવવામાં આવ્યો છે. આર.એન્ડ.બી. અંબાજીએ આ રોડના કામનું ટેન્ડર જે કોન્ટ્રકટરનું મંજૂર કર્યું હતું એ કોન્ટ્રાકટરે રોડના કામમાં મોટાપાયે ગેરરીતિઓ આચરવા ઉપરાંત અંબાજી ગ્રામ પંચાયતે આપેલી સૂચનાઓની પણ અવગણના કરેલ છે.

અંબાજી ગ્રામ પંચાયતે રોડના કામ અંગે ટ્રસ્ટને જણાવ્યું હતું કે રોડ બનાવતા અગાઉ રોડની બંને સાઈડ ગટર અને ફુટપાથ બનાવવાની છે તેમજ રોડ સાઈડના દબાણો પણ દુર કરાવના છે. પરંતુ કોન્ટ્રાકટરે રોડની બંને સાઈડે ફુટપાથ કે ગટર બનાવેલ નથી અને દબાણો પણ યથાવત રાખેલ છે. વળી કોન્ટ્રાકટરે રોડના કામમાં આપેલ એસ્ટિમેટ મુજબનું મટીરીયલ વાપરેલ ના હોઈ આ રોડ આગામી ચોમાસામાં તુટી જશે તથા રોડ ઉપર ભુગર્ભ ગટરનું કામ પણ અધુરું રાખવામાં આવેલ હોઈ ફરી રોડ ઉપર ખોદકામ થશે આમ રોડ તુટવાથી લાખોનો ખર્ચ વ્યર્થ જશે તેવી ચિંતા અંબાજીના માઈભક્તો કરી રહ્યા છે ત્યારે ત્યારે અંબાજી આર. એન્ડ.બી દ્વારા આ કામની તપાસ વિજિલન્સ દ્વારા કરાવી કોન્ટ્રાકટરને બ્લેક લિસ્ટ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## હિંમતનગરમાંથી ૧.૩૮ લાખનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨૬

૩૧ ડીસેમ્બરને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કેટલાક બુટલેગરો પાસ-પરમીટ વિના ગુજરાતમાં દારૂ ઘુસાડી રહ્યા છે. દરમિયાન હિંમતનગરના સહકારી જીન ચાર રસ્તા નજીકથી શુક્રવારે વહેલી સવારે બોલેરોમાં રૂ. ૧.૩૮ લાખનો દારૂ ભરી જતા બે શખ્સોને એ-ડીવીઝન પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

## ક્રિસમસ પ્રસંગે ગુજરાતના સૌથી મોટા ફલી માર્કેટનો પ્રારંભ

વીક એન્ડ વીન્ડો તેની આગામી આઠમી એડીશનમાં ક્રિસમસ દરમિયાન અદભૂત બાબતોનો વરસાદ વરસાવશે. શોપિંગ કરવું હોય કે ભાવતાં ભોજન કરવાં હોય તો ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર ૨૦૧૫, સાંજે ૪ થી ૧૧ આ ૩ દિવસનો આ મહાસમારંભ સૌના માટે આનંદ અને મોજ મસ્તીભર્યો બની રહેશે. ભૂતકાળમાં આ પ્રકારના અનેક ઈવેન્ટ પછી આ વખતે વીક એન્ડ વીન્ડો ક્રિએટીવ અને કલરફુલ બ્રાન્ડઝ, અદભૂત પ્રવૃત્તિઓ, સ્વાદિષ્ટ અને મનગમતા ભોજન, અવિરત ચાલતી વર્કશોપ્સ, અમર્યાદિત મનોરંજન, અચરજ ઉપજે તેવા ઈનામો, પ્રેરણાદાયક ઈન્સ્ટોલેશન્સ, વિચારપ્રેરક આર્ટ ડિસ્પ્લે, પ્રભાવી વાતાવરણ તથા હંમેશા મોજ મસ્તી ઈચ્છતી અમદાવાદની જનતાને સુપર ચાર્જડ વાતાવરણ પુરું પાડશે.

# ધાનેરાના હાઈવે પર રેતીના ઢગલાઓથી વાહનચાલકો ત્રાહિમામ

પાલનપુર, તા. ૨૬

ધાનેરા નગર વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર સફાઈ બાદ રેતીના મોટા ઢગલા પડ્યા રાખતાં વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. કારગિલ ત્રણ રસ્તાથી વિવેકાનંદ સ્કૂલ સુધીના હાઈવે ઉપર અઢળક રેતીના થર જામેલ હોવાથી લોકો દ્વારા વારંવાર હાઈવે ઓથોરીટીને જાણ કરતાં કુંભકર્ણની નિંદ્રામાંથી જાગીને રોડ ઉપરથી રેતીની સફાઈ તો કરાવી પરંતુ તે રેતીના મોટા મોટા ઢગલા ત્યાંના ત્યાં જ રોડ ઉપર રાખી દેતા વાહનચાલકોની પરેશાની વધી જવા પામી છે. તેમજ આ આ રસ્તા ઉપર બે-ત્રણ સ્કૂલો પડતી હોવાથી વિદ્યાર્થીઓની રોજેરોજ અવરજવર વધારે રહેતી હોય છે. જેના કારણે અવારનવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. તેમ છતાં આ નેશનલ હાઈવે વાળાઓની ઊંઘ ઉડતી નથી.



આ અંગે ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે આ રેતીના ઢગલા ૧૦ દિવસથી પડી રહ્યા છે જેના કારણે નાના વાહન ચાલકોને ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. તેમજ રસ્તા ઉપર મોટા ઢગલા હોવાથી સાઈડ લેવામાં પણ ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. આ રોડની સફાઈ કરી ત્યારે માત્રને માત્ર દેખાવ પુરતી કરી છે હજુ તો રેતીના થરો રોડની બંને સાઈડોમાં જામેલા છે. અને ઉપરથી મોટા મોટા ઢગલાઓ કરવાથી પરેશાની વધારી દીધી છે. પહેલા આ માર્ગ સ્ટેટના હાથમાં હોવાથી સફાઈ થતી હતી પરંતુ હવે સફાઈ પણ થતી નથી. આ અંગે પાલનપુર હાઈવે ઓથોરીટીની કચેરીનો સંપર્ક કરતાં જણાવેલ કે તે થરા ખાતે આવેલ કચેરી સંભાળે છે તેમનો સંપર્ક કરવો તેમ કહીને જવાબ આપવાનું ટાળ્યું છે.

## ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે આ આંચકો અનુભવાયો હતો. ધરતીકંપના આંચકા પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ લોકોને અનુભવાયા હતા. ધરતીકંપનુ કેન્દ્ર હિન્દુ કુશ પહાડીમાં હોવાના અહેવાલ મળ્યા છે. અફઘાનિસ્તા-તાજિકિસ્તાનમાં મુખ્યનુ કેન્દ્ર રહ્યુ

હતુ. પહાડી વિસ્તારોમાં સૌથી વધારે આંચકાનો અનુભવ થયો હતો. યુરોપિયન સેસેમિક સેન્ટરના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભૂંકપનુ કેન્દ્ર જમીનથી ૧૯૨ કિલોમીટર નીચે હતુ. એક પછી એક રીતે આવેલા આંચકાના કારણૈં લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. તીવ્ર ઠંડી હોવા છતાં લોકો તેમના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. તીવ્ર ઠંડીનુ મોજુ હોવાના કારણે મોટા ભાગના લોકોને આનો અનુભવ થયો ન હતો. આશરે ત્રણ મિનિટ સુધી એનસીઆર અને અન્ય ક્ષેત્રોમાં લોકો દહેશતમાં રહ્યા હતા. ઉત્તરપ્રદેશના વિવિધ ભાગોમાં લોકોએ સૌથી વધારે આંચકાનો અનુભવ કર્યો હતો. ઉત્તર ભારતમાં દિલ્હી, એનસીઆર, જયપુર અને ચંદીગઢ જેવા શહેરોમાં આંચકો અનુભવાયો હતો. પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં પણ આંચકાનો અનુભવ લોકોએ કર્યો હતો. પાકિસ્તાનમાં ભારે નુકસાન થયુ હોવાના પ્રાથમિક અહેવાલ મળ્યા છે. સૌથી વધારે અસર અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જોવા મળી હતી.

કેન્દ્ર જમીનમાં ખુબ નીચે હોવાના કારણે આંચકાની એટલી અસરરહી ન હતી. ભારતમાં તાજેતરના સમયમાં કેટલીક ભૂંકપના આંચકા આવી ચુક્યા છે. નેપાળમાં થોડાક સમય પહેલા વિનાશકારી ભૂંકપ આવ્યા બાદ તેની અસર હેઠળ ભારતના બિહાર સહિતના કેટલાક રાજ્યો હચમચી ઉઠ્યા હતા. બિહારમાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા હતા. ભારતમાં હાલમાં આવી રહેલા વારંવારના આંચકાના કારણે લોકોમાં પણ હવે દહેશત જોવા મળી રહી છે.

## રિસર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે રવિ કૃષિ મહોત્સવમાં વધુ એક વખત તમામ તાલુકાના ખેડૂતોને ૭-૧૨ની એક એક નકલ આપવામાં આવનાર છે. આમાં કપાસના પાકના વાવેતરની નોંધને પણ આવરી લેવાની સરકારે તાકીદ કરી હોવાથી તંત્ર હાલ આ કામગીરી માટે કામે લાગ્યું છે.

જિલ્લામાં રિસર્વેની કામગીરીને અંતે સરકારી જમીન કેટલી બચી છે તેમજ કેટલા ગામોમાં ગૌચર અને ગામતળની જમીનો છે તેની પણ વિગતો ઉપલબ્ધ બનશે.

## કોંગ્રેસ પક્ષ સજ્જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રી વ્યાસે નગરની સફાઈ નહિ થતી હોવાની વાત પણ કરી હતી. તેમણે પક્ષ દ્વારા પાયાના કાર્યકરની ઉમેદવાર તરીકે પસંદગી થાય તેવો આગ્રહ કરી જણાવ્યું હતું કે ટૂંકાગાળામાં આવી અને ટિકિટો મેળવા કોઈ ના જાય તે માટે સૌની જાગૃતિ જરુરી છે.

આ પ્રસંગે પૂર્વધારાસભ્ય શ્રી સી.જે. ચાવડાએ તેમના ઉદ્બોધનમાં ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે માત્ર યોજનાઓના નામ બદલી અને લોકપ્રિય થવાના નુસ્ખા પ્રજા જાણી ગઈ છે. જિલ્લા પંચાયતોમાં કરારી હાર પછી પણ ભાજપ લોકોને હજુ ભ્રામક વાતો કરી ભેળવવાનો પ્રયાસ કરી રહેલ છે તે દુઃખદ છે.

પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલે પણ પ્રાંસગિક ઉદ્બોધનમાં મનપાની ચૂંટણી માટે પક્ષનો કાર્યકર અને પક્ષ બંને તૈયાર છે. તેમણે કહ્યું કે અમે ખભેખભા મિલાવી ભાજપને પરાસ્ત કરીશું.

આ પ્રસંગે માયાબેન દવે, વિક્રમસિંહ ખાચર, ડૉ. કૌશિક શાહ, મુકેશ પટેલ સહિતના અગ્રણીઓએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા. જયારે વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ આભારવિધિ કરી હતી.

## કાર બજાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહીનામાં અંદાજિત ૪૦ ટકાનો વધારો થાય છે. આ વર્ષે પણ ડિસેમ્બર મહીના દરમિયાન ૩૦૦ જેટલી કારનુ બુકીંગ કરવામાં આવ્યુ છે. જયારે ૨૦૦ થી પણ વુધુ કારની ડીલીવરી પણ આપી દેવામાં આવી છે.નંદા ઓટોમોબાઈલ્સના મેનેજર ફીરોઝ રાઠોડે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સામાન્ય રીતે જાન્યુઆરી મહીનામાં કારની કીંમતમાં વધારો થતો હોય છે. જયારે ડિસેમ્બર મહીનામાં ગ્રાહકોને વિશેષ ડિસ્કાઉન્ટનો લાભ મળે છે. અત્યાર સુધી ચાલુ મહીના દરમિયાન ૧૦૦ જેટલી કારની ડીલીવરી આપી છે. જયારે બુકીંગ પણ નોંધપાત્ર રહયુ છે. વેચાણની સામે સ્ટોકની ઉપલબ્ધિનો પણ પ્રશ્ન છે.હોન્ડા કંપનીના શો રૂમના મેનેજર અતુલભાઈ રાજકોટીયાના જણાંવ્યા મુજબ ફેસ્ટીવલ ઓફરના લીધે વેચાણમાં ૨૫ થી ૩૦ ટકાનો વધારો જોવા મળી રહયો છે. મહેન્દ્રા કંપનીની પણ એસ યુ વી અને ટી યુ વી મોડેલ્સના કારનુ વેચામ વધ્યુ છે. ફોર્ડ તેમજ નિશાન કંપનીના શો રૂમના જવાબદાર સુત્રોના જણાંવ્યા મુજબ કારના વેચાણમાં ચાલુ મહીના દરમિયાન ૪૦ ટકાનો વધારો થયો છે.

## મોરપીંછના રંગ

(૪ પાનાનું ચાલુ...)

ઉપર ઠાલવે "એમ કહી માઈક મને આપ્યું.

મને થયું કે જો હું શહેનશાહ અકબર હોત તો મારો સાવ ખોટો પરિચય આપવા બદલ આ કવિ મિત્રને અત્યારે જ આજીવન કારાવાસની સજા ફટકારી દેત. મારી બાજુમાં બેઠેલો ડ્રાઈવર બિચારો ગભરાયો, મને પૂછ્યું " સર, મારે તો બોલવું નહી પડે ને? મને લાગે છે આ મને ય બોલવા ઉભો કરશે."

ત્યાં તો મારા વક્તવ્ય પછી સંસ્થાના પ્રમુખે કહ્યું " આપણી વચ્ચે બીજા પણ એક સાહિત્યકાર ઉપસ્થિત છે તેમનું નામ છે... એમ કહી તેમણે પોતાનો કાન કવિમિત્રના મોં સામે ધર્યો. કવિએ ડ્રાઈવરનું નામ આપ્યું. એમનું નામ છે ત્રિલોકસિંહ. તેમણે પણ ઘણા પુસ્તકો લખ્યા છે. તેઓ ઘણી કૉલમો ચલાવે છે. (એ ડ્રાઈવર ત્રિલોકે મને પૂછ્યું, "સાહેબ, આ કૉલમો એટલે શું? હું તો ટેક્સી ચલાવું છું કૉલમો નહી) તેઓ પણ બે શબ્દ કહેશે. હવે ડ્રાઈવર ત્રિલોક ખરેખર મૂંઝાયો. હવે શું કરવું? તેને હાથમાં માઈક પકડાવી દીધું. નાના છોકરાના હાથમાં જીવતો સાપ પકડાવી દેતા એ ધ્રુજે તેમ ત્રિલોક ધ્રૂજતો હતો. ત્રિલોકના ભાવ પણ કળવા જેવા હતા. લગ્નમાં વરરાજાને બદલે મંડપવાળાને વરરાજા બનાવી દેવામાં આવે અને મંડપવાળો જાણતો હોય કે કન્યા ખુબ જ સુંદર છે. પણ એનો બાપ મોટો દાણચોર છે. અને જે ભાવ અનુભવાય એવા હાવભાવ ત્રિલોકના ચહેરા પર હતા. છતાંય હિમત કરીને એણે શરું કર્યું " મિત્રો, આ ભટ્ટસાહેબ મારા ગુરુ છે. હું એમની પાસેથી ડ્રાઈવિંગ... સોરી જીવન જીવતા શીખ્યો છું તેમના સાહિત્યથી મારું આખું જીવન બદલાઈ ગયું છે. હું ગાડી ચલાવતા ચલાવતા પણ એમની વાર્તાઓ વાંચું છું." આવું બધું કહી એણે એનું કર્તવ્ય પુરું કર્યું.

અંતે શૈક્ષણિક સંસ્થાના ૮૫ વર્ષના પ્રમુખશ્રી ઉભા થયા અને બોલ્યા " મિત્રો, આજે શ્રી ભટ્ટસાહેબે આપણી વચ્ચે આવી આપણા સૌનું ગૌરવ વધાર્યું છે. મેં એમની અનેક નવલકથાઓ બાળપણથી વાંચી છે. (મને થયું, આ ૮૫ વર્ષના-તેમણે બાળપણથી મારી નહી લખાયેલી નવલકથાઓ કેવી રીતે વાંચી હશે?) એમની અનેક ઐતિહાસિક નવલકથાઓના પાત્રો - જીવંત વર્ણનો મને હજીયે યાદ છે. 'જય સોમનાથ' નવલકથામાં તો એમણે કમાલ કરી છે. (ત્યારે મને સમજાયું કે આ પ્રમુખશ્રી મને કનૈયાલાલ મુનશી સમજી બેઠાં છે.) અંતે નક્કી થયેલો પુરસ્કાર આપી કવિમિત્ર મને છેક ઘર સુધી મૂકી ગયા અને રસ્તામાં ગાડીનો ડ્રાઈવર ત્રિલોક હવેથી કવિતા લખવાનું વિચારી રહ્યો હતો.



તલોદ નગર ખાતે ચતુર્થ પીઠના સેવક પરિવારો દ્વારા શ્રી ગોકુલનાથજીના પ્રાગટ્ય મહોત્સવની ઊજવણી અત્યંત ભક્તિભાવપૂર્વક કરવામાં આવી. અબાલવૃદ્ધ વૈષ્ણવો તથા મહિલા ભક્તોએ તલોદમાં શ્રી ગોકુલનાથજીની શોભાયાત્રાનું આયોજન કર્યું હતું.

# નવી શિક્ષણ નીતિમાં શાળા સ્તરે ૧૩ થીમ ઉચ્ચ શિક્ષણ સ્તરે ૨૦ થીમ આવરી લેવાઈ

નવી શિક્ષણ નીતિમાં રાજયના શિક્ષણ વિભાગે શાળા શિક્ષણ સ્તરે ૧૩ થીમ અને ઉચ્ચ શિક્ષણ સ્તરે ૨૦ થીમને આવરી લેવામાં આવી છે. શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવી શિક્ષણ નીતિ અંગે શિક્ષણ વિભાગ દ્વારા રાજય સરકાર સમક્ષ એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશનમાં એવું જણાવાયું હતું કે આઝાદી પછી ૧૯૬૮માં પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને ૧૯૮૬માં દ્વિતિય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડાઈ હતી. હવે ૨૯ વર્ષ પછી કેન્દ્ર સરકાર દ્વારા નવી રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી રહી છે. પ્રજાની બદલાતી જતી આકાંક્ષા તથા વર્તમાન અને ભાવિ જિરૂરિયાત મુજબનું કૌશલ્ય ધરાવતું કુશળ માનવબળ તૈયાર કરી ભારતને જ્ઞાનના ક્ષેત્રે મહાસત્તા બનાવવા ગુણવત્તાયુકત શિક્ષણ નવીનીકરણ અને સંશોધનને પ્રોત્સાહન વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષણ શાસ્ત્રનો વિકાસ તથા સમાજ અને અર્થ વ્યવસ્થા માટે પોષક માનવબળ જેવા હેતુઓ સિધ્ધ કરવા નવી રાષ્ટ્રીય નીતિ ઘડવાની જરૂરીયાત હોવાનું આ પ્રેઝન્ટેશનમાં જણાવાયું છે.

ટચૂકડી જાહેર ખબર

ભાડે આપવાનું છે

સેકટર-૨/એ, પ્લોટ નં. ૧૦૩/૧, ૨૫૦ મીટર પ્લોટ ઉપર નીચે સ્વતંત્ર અથવા ઉપર નીચે રહેઠાણ / ઓફીસ માટે

મો. ૯૪૦૮૨૯૨૮૨૦